સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ચૂંટણી જંગમાં ભાજપના અનેક યુવાન ચહેરાઓને તકની આશા જન્મી

પ્રદેશ પ્રમુખે સપાટો બોલાવતાં યુવાઓ ઘેલમાં, વર્તમાન અનેક સભ્યો પડતા મૂકાય તેવી પૂરી સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

ગુજરાત પ્રદેશ ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડે મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારની પસંદગીમાં સપાટો બોલાવી અનેક યુવાન ચહેરાઓને તક આપતાં પ્રદેશ પ્રમુખની કામગીરી યુવાઓમાં પ્રસંશનીય બની છે. ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ૪ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં અનેક નવા યુવાન ચહેરાઓને તકની આશા જન્મી છે. વર્તમાન અનેક સભ્યો પડતા મૂકાય તેવી પૂરી સંભાવના વચ્ચે ટીકીટ પોતાના ખિસ્સામાં છે તેવું માનતા ભાજપના અનેક આગેવાન કાર્યકરોની ઉંઘ હરામ થઈ ગઈ છે.

ભાજપ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાને રાખી આવતી કાલથી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના ઉમેદવારોની પસંદગીની ક્વાયત શરૂ થવાની છે પરંતુ તે પૂર્વે રાજકોટ, જામનગર, વડોદરા, સુરત, ભાવનગર અને અમદાવાદ મહાનગરપાલિકાના ઉમેદવારોની યાદી જાહેર કરી સીનીયર આગેવાનોના નજીકના સગાઓને ટીકીટ આપવાથી દૂર રાખ્યા તેમજ ૩ ટર્મથી ચૂંટાતા સભ્યોને પણ રીપીટ કરાયા નથી તેમજ ૬૦ વર્ષથી ઉપરના કોઈપણ કાર્યકરને ટીકીટ ન અપાતાં અસંતોષ દેખાયો પરંતુ નિર્ણયને સ્વીકારનારા કાર્યકર્તાઓનો સમૂદાય અનેક ગણો હતો. નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ યુવાઓને આગળ લાવવા માગે છે તેવો મેસેજ કાર્યકરોમાં ગયો છે જેથી વિધાનસભાની પેટાચૂંટણી જેવું જ વાવાઝોડું સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જોવા મળી શકે છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પંચાયતની કુલ-૬૬ બેઠક, તાલુકા પંચાયતની ૩૦૦ બેઠક અને નગરપાલિકાની ૧૨૦ બેઠક માટે ભાજપ ઉમેદવારોની પસંદગી કરશે ત્યારે અનેક નવા ચહેરાઓને જિલ્લા પંચાતય, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં પસંદગી થવાની સંભાવના છે.

ભાજપ પાલિકા અને જિલ્લા પંચાયતમાં નો-રીપીટ થીયરી અપનાવે તેવી સંભાવના

બાયડ : જે રીતે મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે ઉમેદવારોની પસંદગી કરી છે તે જોતાં ભાજપ હિંમતનગર, મોડાસા, બાયડ અને વડાલી નગરપાલિકા તેમજ બંન્ને જિલ્લાની જિલ્લા પંચાયત બેઠક ઉપર મોટાભાગે નો-રીપીટ થીયરી અપનાવે તેવી પૂરે પૂરી સંભાવના છે. જો અને તો ના ગણિત વચ્ચે સોમવાર કે મંગળવારે જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ઉમેદવાર ભાજપ જાહેર કરશે તેવી અટકળો ચાલી રહી છે.

સુરત, વડોદરા ને જામનગર ભાજપમાં ઉકળતો ચરુ

પાટીલની ટિકિટ ફાળવણીની નવી પોલીસી સામે નારાજગી : અસંતુષ્ટો રસ્તા પર ઊતર્યા, અનેક જગ્યાએ હોદ્દેદારો અને કાર્યકરોના રાજીનામા, કેટલાક વિરૂદ્ધમાં કામ કરશે

સુરત, તા. ૬

રાજ્યમાં વિવિધ મનપાની ચૂંટણી માટે ભાજપ દ્વારા સત્તાવાર રીતે ઉમેદવારોની જાહેરાત કર્યાના બે દિવસ પછી પણ ટિકિટ ફાળવણીને લઈને ઉઠેલો વિવાદ શમવાનું નામ નથી લેતો. સુરત, વડોદરા અને જામનગર સહિતના શહેરોમાં કાર્યકર્તાઓ રસ્તા પર ઉતરીને નારાજગી દર્શાવી રહ્યા છે. કેટલીક જગ્યાએ તો મોટા પ્રમાણમાં રાજીનામા પણ પડ્યા છે. તો કેટલાક કાર્યકર્તાઓએ વર્ષોથી પક્ષ માટે કામ કરતા હોવા છતા પોતાની ઉપેક્ષા થતી હોવાનો આરોપ મૂકીને ચૂંટણીમાં પક્ષ વિરુદ્ધમાં કામ કરશે તેવો હુંકાર પણ ભર્યો છે.

સુરતમાં કેટલાક વોર્ડમાં ભારે વિરોધ ઉઠ્યો છે. લિંબાયતના વોર્ડ નં- ૨૮ અને ૨૯ના કાર્યકરોએ સ્થાનિક ઉમેદવાર બનાવવાની રજૂઆત કર્યા બાદ મોટી સંખ્યામાં કાર્યકરો ભાજપ કાર્યાલય ખાતે રાજીનામા આપવા પહોચ્યા હતા. કાર્યકરોએ સુત્રોચાર સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. મોટી સંખ્યામાં કાર્યકરોના ટોળાના પગલે રોડ પર ટ્રાફિક જામ સર્જાયુ હતું. પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

સુરતમાં વોર્ડ નંબર ૨૬ માં ભડકો જોવા મળ્યો છે. સુરતમાં વર્ષોથી કામ કરતા કાર્યકરોને નજર અંદાજ કરાયા છે તેવું તેમનું કહેવું છે. ત્યારે આ કાર્યકર્તાઓએ ભાજપના વિવિધ પદો પરથી રાજીનામા આપ્યા છે. તેમની સાથે ૧૦૦ થી વધુ લોકોએ રાજીનામાં આપ્યા છે. 'ટિકિટ નહિ તો મત નહિલ્લ તેવી માંગણી સાથે તેઓએ વિરોધ દર્શાવ્યો છે. બીજી તરફ વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણી માટે ભાજપ દ્વારા ઉમેદવારોની યાદી જાહેર થતાંની સાથે જ ભાજપામાંથી રાજીનામા પડવાની શરૂઆત થઇ ગઈ છે. વોર્ડ નંબર-૧૮માં વોર્ડ પ્રમુખની ટિકીટ કાપવામાં આવતા વોર્ડ પ્રમુખના સમર્થનમાં ૯૦ જેટલા કાર્યકરોએ ભાજપામાંથી રાજીનામા આપી દીધા હતા. હજી વધુ રાજીનામા મૂકાય તેવી શક્યતાઓ છે. આ ઉપરાંત વોર્ડ નંબર ૧, ૩, ૭, ૧૫ અને ૧૬માં વર્ષોથી કામ કરતા કાર્યકરોને ટિકીટ આપવામાં ન આવતા કાર્યકરોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. કાર્યકરોએ ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

આ તરફ જામનગરમાં પણ ઉમેદવારોની યાદી જાહેર થયા બાદ સતત રાજીનામા પડી રહ્યા છે. ગુરુ અને શુક્ર બે દિવસમાં અનેક રાજકીય આગેવાનોના રાજીનામાથી ભાજપ માટે જામનગર મહાનગરપાલિકામાં આ વખતે ચૂંટણી કપરાં ચઢાણ બની શકે છે. ગુરૂવારે પૂર્વ ડેપ્યુટી મેયર કરશન કરમુરે રાજીનામું આપી શરૂઆત કર્યા બાદ શુક્રવારે વધુ બે વર્તમાન અને પૂર્વ શહેર પ્રમુખ તેમજ પૂર્વ કોર્પોરેટરે રાજીનામું આપી દેતાં ભાજપમાં ભાગાભાગીનો દોર શરૂ થઈ ગયો છે હજુ પણ અનેકના રાજીનામા પડવાની સંભાવનાઓ દર્શાવવામાં આવી રહી છે.

કોંગ્રેસે ઉમેદવારોને ફોન કરીને ટિકિટ અંગે જાણ કરી

અસંતોષ ખાળવા કોંગ્રેસે વચલો રસ્તો અપનાવ્યો : નામ જાહેર થાય તો પક્ષમાં ભડકાના ડરથી ધીરે ધીરે ઉમેદવારોને ફોન કરીને નામ જાહેર કરવામાં આવી રહ્યાં છે

આજે ફોર્મ વિતરણ કરવાનો છેલ્લો દિવસ હોવાથી કોંગ્રેસ હવે ફટાફટ બાકી રહેલા ઉમેદવારોનું લિસ્ટ જાહેર કરી રહ્યાં છે. કોંગ્રેસે અમદાવાદના વધુ કેટલાક ઉમેદવાર જાહેર કર્યા છે. ગઈકાલથી ઉભા થયેલા વિવાદ બાદ દાણીલીમડા વોર્ડમાં શહેઝાદ ખાનને ટિકિટ અપાઈ. તો લાંભા વોર્ડમાંથી ધારાસભ્ય લાખા ભરવાડના પુત્ર મેહુલ ભરવાને કોંગ્રેસે ટિકિટ આપી છે. મનપા ચૂંટણીમાં કોંગ્રેસની નબળી નેતાગીરીનો પરિચય ફરીથી થયો છે. અંતિમ દિવસ સુધી કોંગ્રેસ ઉમેદવારોના નામ જાહેર ન કરી શક્યું. નામ જાહેર થાય તો પક્ષમાં ભડકાના ડરથી ધીરે ધીરે ઉમેદવારોને ફોન કરીને નામ જાહેર કરવામાં આવી રહ્યાં છે. અંતિમ દિવસે કોંગ્રેસના તમામ ઉમેદવારોને ટેલિફોનિક જાણ કરવામાં આવી રહી છે. ચાંદખેડા વોર્ડના ૪ ઉમેદવાર કોંગ્રેસે જાહેર કર્યા છે. જેમાં રાજશ્રી કેસરી, કેતન દેસાઈ, દિનેશ શર્મા, પ્રજ્ઞાબેન પટેલને ટિકિટ અપાઈ છે. ઈન્દ્રપુરીવોર્ડમાં પ્રવીણ પટેલ, મનીષ પટેલ, નૈના પંચાલ, બબુબેન પરમારને ટિકિટ અપાઈ. બોડકદેવ વોર્ડમાં નિમેષ કુમાર શાહ, વિરમ દેસાઈ, ચેતના શર્મા, જાનકી પટેલને ટિકિટ અપાઈ. તો વેજલપુર વોર્ડમાં મહેશ ઠાકોર અને સુનીલ જિકારને ટિકિટ અપાઈ. બાપુનગરમાં જે. ડી. પટેલ, સુરેશ તોમર, જસુમિત પરમાર, હેતલ પંચાલને ટિકિટ અપાઈ છે. બહેરામપુરામાં કમળાબેન ચાવડા, કમરૂદ્દીન પઠાનને કોંગ્રેસે ટિકિટ આપી. ઈસનપુરમાં જાગેશ ઠાકોર, નૈમેષ પટેલ, ગંગા મકવાણા, સવિતા પટેલને ટિકિટ આપી છે. લાંભા વોર્ડમાં મેહુલ ભરવાડ, મનુ સોંલકી, હેતલ બેન સડાત, સોનલ ઠાકોરને ટિકિટ આપી. તો ઓઢવમાં બૈરવાબેન પટેલ, જિમિષ ગોહિલ, હંસા બેન લખતરિયા, વિષ્ણુ દેસાઈને ટિકિટ આપી. ચાંદખેડા વોર્ડમાં દિનેશ શર્માને ટિકિટ આપી. દાણીલીમડા વોર્ડમાં શહેઝાદ ખાન, જમના વેગડા, રમીલા પરમાર અને સલીમભાઈને ટિકિટ આપવામાં આવી છે. તો દાણીલીમડા વોર્ડમાં રહીમ સુમરાનું પત્તું કપાયું છે. સરખેજ વોર્ડમાં કોર્પોરેટર નફીઝા અન્સારીની ટિકિટ કપાઈ. તો સરખેજમાં હેતાબેન પરીખ, વિજય આચાર્ય, મંજુલા સોલંકી અને અજેશ પટેલને ટિકિટ અપાઈ છે. વિરાટનગર વોર્ડમાં રણજિત બારડ, શાંતિલાલ સોજીત્રા, કૈલાસબેન વાઘેલાને ટિકિટ અપાઈ.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૫૨ કેસો નોંધાયા

૨૪ કલાકમાં ૫૧,૩૬૨ લોકોને અપાઈ કોરોના વેક્સીન, રાજ્યમાં કુલ ૨૪૯૧ એક્ટિવ કેસ : અમદાવાદમાં ૪૧ કેસ

અમદાવાદ, તા. ૬

ભારતમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા પણ ૧,૪૮,૫૯૦ થઈ છે તો ભારતમાં કોરોના વાયરસથી સંક્રમિત થયેલા લોકોની સંખ્યા પણ વધીને ૧,૦૮,૧૪,૩૦૪ થઈ છે. જેમાંથી ૧,૦૫,૧૦,૭૯૬ લોકો સંક્રમણને હરાવીને સ્વસ્થ થયા છે. કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડાઓ અનુસાર દેશમાં ગત ૨૪ કલાકમાં ૯૫ લોકોના મોત થવાના કારણે હવે મૃત્યુઆંક પણ ૧,૫૪,૯૧૮ થયો છે તો ગુજરાતમાં પણ ૨૪ કલાકમાં નવા ૨૫૨ કેસ સામે આવ્યા છે.

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૨૫૨ કેસ નોંધાયા છે તો તેની સામે રાજ્યમાં ૨૪ કલાકમાં ૪૦૧ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી હવે કોરોના મહામારીમાં રાજ્યમાં કુલ ૨૫૬૩૧૫ દર્દીઓ કોરોનાને હરાવવામાં સફળ રહ્યાં છે. જેથી રાજ્યનો રિકવરી રેટ પણ ૯૭.૩૮%એ પહોંચ્યો છે. રાજ્યમાં નવા કેસમાંથી અમદાવાદમાં ૪૧, સુરતમાં ૩૧, વડોદરામાં ૮૧ તેમજ રાજકોટમાં ૩૩ દર્દીઓનો સમાવેશ થાય છે. જ્યારે રાજ્યમાં કુલ ૨૪૯૧ એક્ટિવ કેસમાંથી ૨૬ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૨૪૬૬ સ્ટેબલ છે. રાજ્યમાં ૨૪ કલાકમાં મહીસાગરમાં ૧ મોત નોંધાતા હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ ૪૩૯૪એ પહોંચ્યો છે.

અત્યાર સુધીમાં દેશમાં ૫૪,૧૬,૮૪૯ લોકોનું વેક્સિનેશન થઈ ચૂક્યું છે તો રસી લગાડવાના મામલે કર્ણાટક સૌથી આગળ છે. ગુજરાતમાં પણ ૨૪ કલાકમાં ૧૨૦૭ કેન્દ્રો પર ૫૧,૩૬૨ વ્યક્તિઓને કોરોનાની રસી આપવામાં આવી છે. જેથી અત્યાર સુધીમાં કુલ ૫,૪૧,૫૫૪ વ્યક્તિઓનું રસીકરણ થયું છે. હવે ગુજરાત રાજ્યમાં કોરોના વાયરસના કેસોમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે.

શામળાજીમાં જિલ્લા વહીવટી કર્મચારી સંઘની કારોબારી બેઠક સંપન્ન

રાજ્ય સંઘના પ્રમુખ તરીકે નિયુક્ત થયેલા મહેન્દ્રભાઈ પટેલનું સન્માન કરાયું

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૬

સંગઠનની એકતા સાથે કાર્યરત અરવલ્લી જિલ્લા વહીવટી કર્મચારી સંઘની કારોબારી બેઠક

યાત્રાધામ શામળાજીમાં અધ્યક્ષ મહેન્દ્રભાઈ પટેલ, પ્રમુખ રાજેન્દ્રભાઈ કે. પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ ગયું. કારોબારી બેઠકના પ્રારંભે સંઘના મંત્રી અને સારસ્વત હાઈસ્કુલ-બાયડના સીનીયર ક્લાર્ક હિમાંશુભાઈ એન. ત્રિવેદીના દુઃખદ અવસાનથી ૨ મીનીટનું મૌન પાડી કામગીરી શરૂ કરવામાં આવી હતી. રાજ્ય વહીવટી કર્મચારી સંઘના પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ પી. પટેલ(જે.બી.શાહ ઈંગ્લિશ મીડીયમ સ્કુલ-મોડાસા)ની બિનહરીફ વરણી થતાં જિલ્લા કર્મચારી સંઘના સર્વ કારોબારી સભ્યોએ તેમને અભિનંદન પાઠવી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિવૃત્ત થયેલ સંઘના સભ્ય કિશોરભાઈ પંચાલ, જયંતિભાઈ પટેલ, તરૂણભાઈ ગોરનું સન્માન કરી તેમનું નિવૃત્તિમય જીવન સુખમય બની રહે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. જ્યારે અરવલ્લી જિલ્લા માધ્યમિક અને ઉ.મા. વહીવટી સંઘના મહામંત્રી કિશોરભાઈ પંચાલ વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં તેમના સ્થાને મહામંત્રી તરીકે ભિલોડાના કૌશિકભાઈ પી. સોનીની નિયુક્તિ કરવામાં આવી હતી.

જ્યારે બાયડના મહેશભાઈ પી. પટેલ અને ધોલવાણીના નારણદાસ પટેલ મંત્રી તરીકે, જગદીશ પ્રજાપતિ(કિશનગઢ) અન્વેષક, અર્જુનસિંહ ઝાલા(બાયડ), સંગઠન મંત્રી અને અશોકભાઈ પટેલની કોષાધ્યક્ષ તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી. રાજ્ય સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલે નિવૃત્ત થયેલા કર્મચારીઓની સેવાઓને બિરદાવી નિવૃત્તિમય જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી.

ગુજરાત રાજ્યમાં એન્ટી લવ જેહાદ કાયદા પર રોક લાગી

બિલ વિધાનસભામાં રજૂ નહીં થાય : ભાજપ શાસિત ગુજરાત લવ જેહાદ અંગે કાયદો નહી લાવે, વિધાનસભા સત્રમાં સરકાર ધર્માંતરણ બિલ નહી રજૂ કરે

ગાંધીનગર,તા.૬

ગુજરાત સરકારે નિર્ણય લીધો છે કે થોડા સમય માટે રાજ્યમાં એન્ટિ લવ જેહાદ અધિનિયમ લાગુ કરવામાં આવશે નહીં. કાયદાના નિષ્ણાતોની સલાહ લીધા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. નિષ્ણાંતોએ કહ્યું કે એન્ટી લવ જેહાદ કાયદેસર રીતે ધારણીય નથી. ઉચ્ચસ્તરીય સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે નિષ્ણાતોના અભિપ્રાયને પગલે, સરકાર, સંભવતઃ ૧ માર્ચથી શરૂ થનારા વિધાનસભાના બજેટ સત્રમાં બિલ રજૂ કરશે નહીં. ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશ જેવા ભાજપ શાસિત રાજ્યોમાં 'લવ જેહાદ'ને નાથવા માટે કાયદો પસાર કરવામાં આવ્યો હતો.

ગુજરાતે પણ આ અંગે રાજ્યમાં એક ખરડો રજૂ કરવાનો નિર્ણય કર્યો હતો. જો કે, રાજ્ય સરકાર ભૂલી ગઈ છે કે રાજ્યમાં પહેલેથી જ ધર્મ પરિવર્તન અંગેનો કાયદો છે, જેના હેઠળ દબાણપૂર્વક ધર્મ પરિવર્તન કરી શકાતું નથી. અગાઉ રાજ્ય સરકારે સંબંધિત વિભાગોને સૂચના આપી ચૂકી છે કે શું રાજ્યમાં નવા કાયદાને લાગુ કરવાની જરૂર છે કે જૂના કાયદામાં સુધારો કરી શકાય છે. રાજ્ય સરકારના આંતરિક બાબતોના નિષ્ણાત અને એડવોકેટ જનરલે જણાવ્યું હતું કે રાજ્યમાં નવા કાયદા અથવા જૂના કાયદામાં સુધારા કાયદાકીય રીતે ટકાઉ હોઈ શકે છે.

અન્ય રાજ્યોમાં પસાર થયેલા આવા કાયદાને સુપ્રીમ કોર્ટે પડકાર્યો છે. ઓછી આશા છે કે રાજ્યમાં બજેટ સત્ર દરમિયાન આ બિલ રજૂ કરવામાં આવશે તેવું સુત્રોએ જણાવ્યું હતું. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકારને અનેક સંસ્થાઓ અને લોકોના ઘણા પ્રતિનિધિઓ મળ્યા છે. અમે ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશ દ્વારા બનાવેલા કાયદાની અસરકારકતા, લાંબા ગાળાની અસર અને કાનૂની દાવની સમીક્ષા કરી રહ્યા છીએ. નીતિન પટેલે જણાવ્યું હતું કે સરકાર આ કાયદા માટે યોગ્ય સમયે નિર્ણય લેશે. ગુજરાતના હાલના રૂપાંતર કાયદા હેઠળ જો કોઈ વ્યક્તિ દોષી સાબિત થાય છે, તો ત્રણ વર્ષની સજા અથવા ૫૦,૦૦૦ દંડ લાદવાની જોગવાઈ છે.

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરામાં તા. ૨૫ જાન્યુઆરીના રોજ એન.એસ.એસ.ના ઉપક્રમે ૧૧મો મતદાન દિવસ યોજાયો. જેમાં પ્રિ. ડૉ. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટ, ધનસુરા તાલુકા વિકાસ અધિકારી પ્રતિકભાઈ પટેલ, નાયબ મામલતદાર કમલેશભાઈ પટેલ, ચૂંટણી શાખાના નાયબ મામલતદાર રાહુલભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને મતદાનનું મહત્વ સમજાવી મતાધિકાર મેળવવા માટેના પ્રોત્સાહિત કર્યા હતા. તથા ઓનલાઈન પોર્ટલની પણ માહિતી આપી હતી. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ગોપાલભાઈ પટેલે મતદાન શપથ ગ્રહણ કરાવ્યા હતા તથા એન.એસ.એસ. સમિતિના પ્રો. ભારતીબેન ગાવિત અને પ્રો. સ્નેહલત્તાબેન અને સમગ્ર સ્ટાફ જોડાઈ આયોજન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

એક નજર ઈધર ભી : ઉત્તર ગુજરાતમાં ગરીબોનું જીવન બન્યું કષ્ટદાયક

૧ વર્ષમાં આવશ્યક ૨૦ ચીજવસ્તુ મોંઘી થતાં ઝૂંપડાંમાંથી અદ્રશ્યઃ ગરીબોના કુબામાં તેલ ટીપુંય દોહ્યલું, ને શ્રીમંતોની કબરો ઉપર ઘી ના દિવા થાય છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

ઉત્તર ગુજરાતના ૨૦ લાખથી વધુ ગરીબ પરિવારોનું જીવન પાછલા ૧ વર્ષમાં કષ્ટદાયક બની ગયું છે. કારણ કે ૧ વર્ષમાં આવશ્યક ૨૦ થી વધુ ચીજવસ્તુ મોંઘી થતાં ડુંગળી, અડદદાળ, લસણ વગેરે થાળીમાંથી જ અદ્રશ્ય થઈ ગયાં છે. આગામી દિવસોમાં પામોલીન તેલનો ભાવ ભડકે બળી રહ્યો છે તે જોતાં ગરીબોના ઘરમાંથી તેલનાં ટીપાં પણ અદ્રશ્ય થઈ જાય તો નવાઈ જેવું નહીં હોય.

સરકાર દ્વારા વિકાસના સર્વોચ્ચ દાવા કરવામાં આવે છે. દાવાઓમાં સત્યતા હશે પરંતુ વિકાસના સર્વોચ્ચ દાવાની આંધળી દોટમાં ક્યાંક ગરીબો ભૂલાતા હોય તેવી તાસિર પણ ઉભરી છે. કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર હતી ત્યારે ભાજપ દ્વારા વધતી મોંઘવારી સામે કેન્દ્રને આડેહાથે લેવામાં આવતી હતી. છેલ્લા ૭ વર્ષથી દેશમાં ભાજપનું શાસન છે પરંતુ મોંઘવારી ઘટવાના બદલે બમણા જોરથી વધી રહી છે. ગરીબોની કસ્તૂરી ગણાતી ડુંગળીના ભાવ સર્વોચ્ચ સપાટીએ પહોંચતાં ગરીબોની સાથે મધ્યમ વર્ગ પરિવાર પણ અગાઉ સમસમી ઉઠ્યા હતા. મોંઘવારી ઉપર સરકારનો કોઈ અંકુશ ન હોય તેવી સ્થિતિ પણ નિર્માણ પામી છે. ઉત્તર ગુજરાતમાં જ પાછલા ૧ વર્ષમાં ૨૨ માંથી આવશ્યક ગણાતી ૨૦ ચીજો મોંઘી થઈ ગઈ છે. આ માત્ર ઉત્તર ગુજરાત નહીં પરંતુ સમગ્ર દેશને લગતી સમસ્યા છે. ડુંગળી, બટાકા, અડદ, તુવેર પકવતા ખેડૂતો પાયમાલ છે પરંતુ તેનો સંગ્રહ કરી ઉંચા ભાવે વેચતા વેપારીઓ માલામાલ બની ગયા છે. પાછલા ૩ મહિનાની જ વાત કરવામાં આવે તો અગાઉ બટાકા ત્યારબાદ ડુંગળી અને લસણના ભડકે બળતા ભાવથી ગરીબ, મધ્યમ તો ઠીક પરંતુ અમીર પરિવારો પણ સમસમી ઉઠ્યા છે. સરકાર દ્વારા જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાગમાં લાગેલી તેજાબી આગને ઠારવામાં નહીં આવે તો રાજ્ય અને કેન્દ્ર સરકાર સામે મોંઘવારીનો માર મોટો પડકાર બનીને ઉભો રહી શકે છે. ટૂંકમાં સરકારે ભાવને કાબુમાં લેવા માટે ખાસ નિયંત્રણો લાદવા પડશે અન્યથા ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ગરીબો રોજગારી તો મેળવશે પરંતુ આવશ્યક ચીજવસ્તુઓમાં ભાવ વધારાના ગ્રહણથી ભૂખ્યા પેટે સૂઈ રહેવાનો વારો આવશે.

હિંમતનગરમાં સાયબર ક્રાઈમનો ભોગ બનનારા બે અરજદારોને ૫૦ હજારનું રીફંડ

જિલ્લામાં સાયબર ક્રાઈમનું પ્રમાણ ઉંચકાયું છે ત્યારે હિંમતનગર તાલુકાના ચાંદરણીના દર્શનાબેન કુંવરબા ભાટી અને હિંમતનગરના બ્રહ્માણીનગર વિસ્તારમાં રહેતા ભારત ભંવરલાલ હેમરાવલાલ ચૌધરી સાથે ઓનલાઈન છેતરપીંડી થતાં તેઓએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ આપી હતી. ફરિયાદના આધારે સાયબર ક્રાઈમે તપાસ શરૂ કર્યા પછી ભોગ બનનાર બંન્ને વ્યક્તિઓના ગુમાવેલા નાણાંની રકમ કુલ રૂા.૪૯,૪૫૮ તેમના ખાતામાં જમા થતાં સાયબર ક્રાઈમનો ભોગ બનેલા અનેક લોકોને મહેનતની કમાણી ગુમાવ્યા પછી રકમ પરત મળવાની આશા બંધાઈ છે.

પોલીસ દ્વારા શિક્ષિત લોકોને વારંવાર ચેતવણી આપવામાં આવે છે કે અજાણ્યા કોઈ ઈસમનો મોબાઈલ ઉપર ફોન આવે તો ગુપ્ત માહિતી આપવી નહીં છતાં જિલ્લામાં છેતરાયેલા મોટાભાગના કિસ્સાઓમાં શિક્ષિત હોવાનું બહાર આવ્યું છે. દર્શનાબેન ભાટીના મોબાઈલ ઉપર હું બેન્કમાંથી મેનેજર બોલું છું તેમ કહી એ.ટી.એમ. કાર્ડ અપડેટ કરવાનું કહી ગઠીયાએ તમામ ગુપ્ત વિગતો મેળવી તેમના ખાતામાં રૂા.૧૦,૧૦૦ ઉપાડી લીધા હતા. એ જ રીતે હિંમતનગરના ભારત ચૌધરીને પોતાના ગુગલ-પે દ્વારા કરેલ ટ્રાન્ઝેક્શન નિષ્ફળ જતાં સામેવાળાએ ગુગલ-પે માંથી બોલું છું તેમ કહી કેટલીક વિગતો મેળવી હતી અને રૂા.૪૩,૦૮૦ ની છેતરપીંડી કરી હતી. પરંતુ સાયબર ક્રાઈમ દ્વારા ભોગ બનનારા વ્યક્તિઓને તેમને ગુમાવેલાં નાણાં બેન્ક ખાતામાં રીફંડ અપાવતાં સાયબર ક્રાઈમને સફળતા મળી છે.

કાયદા પાછા ખેંચો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સંબોધતા ટિકૈતે જણાવ્યું હતું કે, આ આંદોલન ૨ ઓક્ટોબર સુધી ચાલશે અને સરકાર પાસે કાયદા પાછા લેવા માટે ત્યાં સુધીનો સમય છે. જો સરકાર ૨ ઓક્ટોબર સુધીમાં કાયદા પાછા નહીં ખેંચે તો ખેડૂતો આગળના આંદોલનની રણનીતિ તૈયાર કરશે. તેમણે કહ્યું હતું કે, અમારી માંગણીઓ પૂરી નહીં થાય ત્યાં સુધી અમે ઘરે જઈશું નહીં. અમે કાયદા પાછા ખેંચી લેવા માટે સરકારને ૨ ઓક્ટોબર સુધીનો સમય આપ્યો છે. ત્યારબાદ અમે આગળની યોજના બનાવીશું. અમે દબાણમાં સરકાર સાથે વાતચીત કરવા ઈચ્છતા નથી.

ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને દિલ્હીને બાદ કરતા સમગ્ર દેશમાં ચક્કાજામનું એલાન કરવામાં આવ્યું હતું. જેની સૌથી વધુ અસર ઉત્તરના રાજ્યોમાં જોવા મળી હતી. ૧૫ જિલ્લામાં ૩૩ જગ્યાએ રોડ બ્લોક કરવામાં આવ્યા હતા જેમાં પંજાબના સંગરુર, ભટીંડા અને બરનાલા પણ સામેલ છે. ચક્કાજામ દરમિયાન ખેડૂતો તેમના ટ્રેક્ટરો લઈને રસ્તા પર ગોઠવાઈ ગયા હતા. ઘણી જગ્યાએ એમ્બ્યુલન્સ અને અન્ય ઈમર્જન્સી વાહનોને જવા દેવામાં આવ્યા હતા. નોંધનીય છે કે ૨૬ જાન્યુઆરીએ દિલ્હીમાં ટ્રેક્ટર પરેડ દરમિયાન હિંસા થઈ હતી અને તેને જોતા દિલ્હીમાં ચક્કાજામ ન હોવા છતાં દિલ્હી પોલીસે પૂરતી તૈયારીઓ કરી રાખી હતી. પ્રજાસત્તાક દિવસે થયેલી હિંસા બાદ સરકારે ખેડૂતોનું આંદોલન સમેટી લેવા પ્રયાસ કર્યા હતા. જોકે, તે દિવસે મીડિયા સમક્ષ રાકેશ ટિકૈત રડી પડ્યા હતા અને ત્યારબાદ આ આંદોલને વધારે જોર પકડ્યું છે.

લાયસન્સ અપાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટ્રેનિંગ સેન્ટરોની માન્યતા અંગે એક જાહેરનામું બહાર પાડ્યું છે. દેશના નાગરિકોને ડ્રાઈવિંગની સારી તાલીમ આપવા માટે મંત્રાલય કેટલાક વિગતવાર નિયમો રજૂ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. ડ્રાઈવિંગ સેન્ટરોને માન્યતા આપવા માટે આ નિયમોનું પાલન કરવું પડશે. મંત્રાલય એ જોગવાઈ પણ કરી રહ્યું છે કે ડ્રાઈવિંગ ટ્રેનિંગ સેન્ટરમાંથી તાલીમ લીધા પછી, ડ્રાઈવિંગ લાઈસન્સ માટે અરજી કરતી વખતે કોઈ પણ વ્યક્તિએ ડ્રાઈવિંગ ટેસ્ટ ના આપવો પડે, આ પગલાથી પરિવહન ઉદ્યોગોમાં પ્રશિક્ષિત ડ્રાઈવરોને રાખવામાં મદદ મળશે, જે તેમની કાર્યક્ષમતામાં સુધારો કરશે અને માર્ગ અકસ્માતો ઘટાડશે. લોકોના સૂચનો માટે મંત્રાલયે આ ડ્રાફ્ટ નોટિફિકેશન તેની વેબસાઈટ પર અપલોડ કર્યું છે.

શાંતિપૂર્ણ ચક્કાજામ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અંબાલા નજીક શંભુ ખાતે પંજાબ-હરિયાણા સરહદ પર ભેગા થયેલા પ્રદર્શનકારીઓ પૈકી એક વ્યક્તિએ જણાવ્યું હતું કે વૃદ્ધો હોય કે યુવાન તમામ લોકો અહીં ચક્કાજામમાં ભાગ લેવા આવ્યા છે. જમ્મુ-કાશ્મીરમાં ખેડૂત સંગઠનોના દેશવ્યાપી ચક્કાજામ અંતર્ગત જમ્મુ-પઠાણકોટ હાઈવે પર દેખાવો યોજવામાં આવ્યા હતા. આ દરમિયાન ત્યાંથી પસાર થતા વાહનોને રોકી દેવામાં આવ્યા હતા. એક વિરોધકર્તાએ કહ્યું કે અમે સરકારને આ કાયદાઓ રદ કરવા અપીલ કરીએ છીએ. અમે દિલ્હીની સરહદે વિરોધ કરી